# ડુમસ રોડથી અપહરણ કરાયેલ કિશોરને મધ્યપ્રદેશથી છોડાવ્યો.

પ્રેમી સાથે ભાગેલી પુત્રી પરત મેળવવા શેઠના ભત્રીજાનું અપહરણ કરનાર ઝડપાયા.

તા.૨૩/૦૨/૨૦૧૭.

ડુમસ રોડ ઉપરથી અપહરણ કરી જવાયેલા કિશોરને પોલીસે છોટાઉદેપુર નજીકના ગામમાં ઓપરેશન હાથ ધરી હેમખેમ છોડાવી લીધો હતો.

ડુમસ પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર ડુમસ રોડ ઉપર એસ.કે. નગર ચોકડી પાસે ગરબાડા તાલુકાના વતની દરબારભાઇ મકનસીભાઇ પલાસ રહે છે. દરબારભાઇ પલાસના ટેમ્પો ઉપર છોટા ઉદેપુર પંથકના કેટલાક યુવાઓ કામ કરે છે. આ મજુરો પૈકીના જેલાબહેન અને મિથુન વચ્ચે પ્રેમ પાંગરતા તેઓ થોડા સમય અગાઉ ભાગી ગયા હતા. આ ઘટનાથી જેલાબહેનના પિતા હીરાભાઇ રોષે ભરાયા હતા. અબુધ દીકરીને ભોળવીને મિથુન ભગાવી ગયાનું કહી તેમણે આ બંને જયાં કામ કરતા હતા એ ટેમ્પો માલિક દરબારભાઇ સાથે ઝઘડો કર્યો હતો. વાત આટલેથી અટકી ન હતી. હીરાભાઇએ દરબારભાઇ સાથે રહેતા તેમના ભત્રીજા પ્રવિણ રાજહીંગભાઇ ભાંભોરનું અપહરણ કર્યું હતું. ૧૪ વર્ષના પ્રવિણ ભાંભોરને ઉપાડી ગયા બાદ હીરાએ દરબારભાઇને ફોન કરીને મારી છોરીને શોધી અમને આપી જાઓ અને પછી તમારા છોકરાને લઇ જાઓ અને પછી તમારા છોકરાને લઇ જાઓ એવી ધમકી આપતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો. ઇન્સ્પેકટર પી.બી. સાપરાએ ગુનો નોંધી તુરંત ગુનો નોંધી જુદી જુદી ટીમો બનાવી હતી. હીર બારિયા ગુજરાત બોર્ડર ઉપર આવેલા મધ્યપ્રદેશના કાઠીયાવાડનો વતની હોવાથી તે પ્રવિણને તેના વતન લઇ ગયાની શકયતાના આધારે ટીમ ત્યાં મોકલાય હતી. આ ગામમાંથી પોલીસે હીરા છગન બારિયા, રંગુડીયા નાગજી રાઠવા તથા જાંબુ નાગજી રાઠવાને પકડી પ્રવિણને છોડાવી લીધો હતો. આ ચારેયને સુરત લઇ આવી ઇન્સ્પેકટર સાપરાએ તેમના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.